RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
* Volume : 10 * Issue No. 281 * Date: 31.07.2024,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

વાયનાડ લેન્ડસ્લાઈડ, ૧૧૯નાં મોત

કેરળના વાયનાડમાં ભારે વરસાદને કારણે સોમવારે મોડી રાત્રે ૪ અલગ-અલગ જગ્યાએ ભૂસ્ખલન થયું હતું. સવારે ૨ થી ૬ વાગ્યાની વચ્ચે થયેલા ભૂસ્ખલનમાં ચાર ગામો ધોવાઈ ગયા હતા. મુંડક્કાઈ, ચુરામાલા, અટ્ટમાલા અને નૂલપ્પુઝામાં મકાનો, પુલ, રસ્તાઓ અને વાહનો પણ ધોવાઈ ગયા હતા.અત્યાર સુધીમાં ૧૧૯ લોકોના મોત થયા છે. ૧૧૬ હોસ્પિટલમાં છે, જ્યારે ૯૮થી વધુ લોકો ગુમ છે. બચાવકાર્ય માટે આર્મી, એરફોર્સ, જીઙ્ઢઈહ્લ અને દ્ગઙ્ઢઈહ્લની ટીમો સ્થળ પર હાજર છે.કન્નુરથી સેનાના ૨૨૫ જવાનોને વાયનાડ મોકલવામાં આવ્યા છે. બચાવ માટે એરફોર્સના બે હેલિકોપ્ટર પણ મોકલવામાં આવ્યા હતા, પરંતુ વરસાદના કારણે તેમને કોઝિકોડ પરત ફરવું પડ્યું હતું.આર્મીના સ્પેશિયલ ડોગ યુનિટના પ્રશિક્ષિત શ્વાન, જેમાં બેલ્જિયન માલિનોઈસ, લેબ્રાડોર અને જર્મન શેફર્ડ જેવી જાતિઓનો સમાવેશ થાય છે, તેમને વાયનાડમાં ભૂસ્ખલનગ્રસ્ત મેપ્પાડી ખાતે લઈ જવામાં આવ્યા છે.

વાયનાડનાં ૪ ગામોમાં ભૂસ્ખલન થયું છે - મુંડક્કાઈ, ચુરામાલા, અટ્ટમાલા અને નૂલપુઝા. પાંચ વર્ષ પહેલાં ૨૦૧૯માં આ જ ગામોમાં ભૂસ્ખલન થયું હતું, જેમાં ૧૭ લોકોના મોત થયા હતા. ૫ લોકો આજદિન સુધી મળ્યા નથી. ૫૨ મકાનો ધરાશાયી થયાં હતાં.

મુંડક્કાઈ ગામમાં સૌથી વધુ નુકસાન, ૨૫૦ લોકો અહીં ફસાયાભૂસ્ખલનને કારણે વાયનાડનું મુંડક્કાઈ ગામ સૌથી વધુ પ્રભાવિત થયું છે. રેસ્ક્યુ ટીમ હજુ સુધી અહીં પહોંચી શકી નથી. દ્ગઙ્ઢઈહ્લની એક ટીમ પગપાળા અહીં પહોંચવાનો પ્રયાસ કરી રહી છે. મુંડક્કાઈમાં લગભગ ૨૫૦ લોકો ફસાયા હોવાના અહેવાલ છે. અહીં અનેક મકાનો ધોવાઈ ગયા છે. અહીં ૬૫ પરિવારો રહેતા હતા. નજીકના ટી એસ્ટેટના ૩૫ કર્મચારીઓ પણ ગુમ છે.

ચુરલમાલા ગામમાંથી બે વિદેશી નાગરિકોને બચાવી લેવાયાજિલ્લા પંચાયતના પ્રમુખ સમશાદ મરાઈકરે જણાવ્યું હતું કે મુંડક્કાઈ સુધી સડક માર્ગે પહોંચી શકાતું નથી. મોબાઈલ નેટવર્ક પણ ડાઉન છે. ચુરલમાલા ગામમાં પણ નુકસાન વધુ છે. અહીં બચાવ કાર્ય ચાલી રહ્યું છે. અહીં અનેક મકાનો ધોવાઈ ગયા છે. બે વિદેશી નાગરિકો સહિત અનેક લોકોને બચાવી લેવાયા છે. તેઓ હોમસ્ટેમાં રોકાયા હતા. અહીં રેસ્ક્યુ ટીમ દરેક ઘરની તપાસ કરી રહી છે.વાયનાડ ઉપરાંત હવામાન વિભાગે આજે કોઝિકોડ, મલપ્પુરમ અને કાસરગોડમાં પણ વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. એટલે કે આજે પણ અહીં ભારે વરસાદની સંભાવના છે. વાયનાડ દુર્ઘટનાના બચાવકાર્યમાં મુશ્કેલી આવી શકે છે.

મહીસાગર જિલ્લામાં આજદિન સુધી સરેરાશ કુલ ૩૦૬ મિ.મિ.વરસાદ નોંધાયો

માહિતી બ્યૂરો મહીસાગર

મહીસાગર જિલ્લામાં આજ રોજ સવારથી અત્યાર સુધી જિલ્લામાં કુલ ૫૭.૧૭ મી.મી. નવા નીરની આવક થઈ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં સીઝનનો કુલ ૩૦૬ મી.મી. વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ લુણાવાડા તાલુકામાં ૧૨૪ મી.મી. નોંધાયો છે.

તાલુકા મુજબ વિગતની વાત કરીએ તો મહીસાગર જિલ્લામાં તા.૨૯ મી જુલાઇ સવારથી ખાનપુર તાલુકામાં ૫૯ મિ.મિ, કડાણા તાલુકામાં ૩૦ મિ.મિ, સંતરામપુર તાલુકામાં ૬૦ મિ.મિ, લુણાવાડા તાલુકામાં ૧૨૪ મિ.મિ બાલાસિનોર તાલુકામાં ૨૬ મિ.મિ અને વિરપુર તાલુકામાં ૪૪ મી.મી.વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં ચાલુ વર્ષના મોસમના કુલ વરસાદની આજદિન સુધીની પરિસ્થિતિ જોઇએ તો ખાનપુર તાલુકામાં ૨૫૨ મિ.મિ, કડાણા તાલુકામાં ૩૦૫ મિ.મિ, સંતરામપુર તાલુકામાં ૩૭૪ મિ.મિ, લુણાવાડા તાલુકામાં ૩૩૨ મિ.મિ બાલાસિનોર તાલુકામાં ૨૧૬ મિ.મિ અને વિરપુર તાલુકામાં ૩૫૭ મી.મી.વરસાદ નોંધાયો છે. રિપોર્ટર નિમેષ શર્મા લુણાવાડા

ગીર સોમનાથ જિલ્લાની કોડીનાર તાલુકાની ૮ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરી તેણીની હત્યા કરનાર નરાધમને ફાંસીની સજા

રાજ્યમાં બાળકીઓ પર થતા દુષ્કર્મ અને હત્યા જેવા ગુનાઓ પર સદંતર અંકુશ લાવવા આવા નરાધમ તત્વો સામે ખૂબ જ ઝડપી અને અસરકારક કાર્યવાહી કરી કડકમાં કડક સજા કરાવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૂચનાથી ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આવા કેસોમાં ગુજરાત પોલીસને તે પ્રકારની સઘન કાર્યવાહી કરવા આદેશો આપેલા છે. એટલું જ નહિ, આ પ્રકારના ગંભીર અને સંવેદનશીલ કેસમાં બારીકાઈથી તપાસ હાથ ધરી તમામ આનુષંગિક વૈજ્ઞાનિક અને સાંયોગિક પુરાવાઓ એકત્ર કરી દોષિતોને ફાંસી સુધીની સજા થાય તેવું ઈન્વેસ્ટીગેશન કરવા સૂચનાઓ આપવામાં આવી છે. ત્યારે તા.૧૨મી જૂન ૨૦૨૨ના રોજ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાની ૮ વર્ષની માસૂમ બાળકી પર દુષ્કર્મ આચરી તેણીની હત્યા કરી દેનાર એક નરાધમને ફાંસીની સજા થવા પામી છે. આ પ્રકારની કડક કાર્યવાહી થકી, ગુનાહિત માનસિકતા ધરાવતા તત્વો સામે રાજ્ય સરકારે આવા નરાધમોને ચેતવણીનો સ્પષ્ટ સંદેશ આપ્યો છે.ગીર સોમનાથ જિલ્લાની કોડીનાર તાલુકાની ૮ વર્ષની બાળકી પર દુષ્કર્મ અને ત્યાર બાદ તેણીની હત્યાનો બનાવ બનતા આ બનાવની ગંભીરતાને આધારે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીની બનેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ)ની રચના કરી હતી. આ સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમે એફએસએલની મદદ લઇ તમામ સાંયોગિક પુરાવા એકઠા કરી ૨૫ દિવસમાં તપાસ પૂર્ણ કરીને ચાર્જશીટ કરી હતી. આ કેસ નામદર કોર્ટમાં ચાલી જતા નરાધમને ફાંસીની સજા ફરમાવી છે. એટલું જ નહિ, બાળકીના પરિવારને ૧૭ લાખ વળતર ચૂકવવા આરોપીને આદેશ કર્યા છે. દુષ્કર્મ આચરનાર નરાધમને મળેલી કડક એવી ફાંસીની સજાથી માસૂમ દીકરીના પરિવારજનોને રાજ્ય સરકારે આપેલી બાહેધરી અને ગૃહમંત્રીશ્રીએ આપેલું વચન આજે પૂર્ણ થયું છે અને સાધુ સમાજની દીકરીને ન્યાય મળ્યો છે.

સમસ્ત દસ ગામ લેઉવા પાટીદાર સમાજ આયોજિત સમાજ રત્ન એવોર્ડ કાર્યક્રમ, શારદા- મણિ કોમ્યુનિટી હૉલ, અડાલજ ખાતે યોજાયો હતો. જેના અધ્યક્ષ સ્થાને શ્રી નરહરિ અમીન (રાજ્યસભાના સાંસદ તેમજ અન્નપૂર્ણાધામ ટ્રસ્ટ અડાલજના ચેરમેન) તેમજ અતિથિ વિશેષ તરીકે શ્રી જયેશભાઈ વિઠ્ઠલભાઈ રાદડિયા (પૂર્વ મંત્રીશ્રી, ધારાસભ્ય, રાજકોટ નાગરિક બેંકના ચેરમેનશ્રી, ડિરેકટરશ્રી ઈફકો) શ્રી સાબરકાંઠા ડિસ્ટ્રિકટ બેંકના પૂર્વ ચેરમેન સહકાર અગ્રણી શ્રી મહેશભાઈ અમીચંદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

પાટણ ના કુણઘેરમાં પરિવર્તન ગ્રુપ દ્વારા સરકારી શાળાઓમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિર્દેશ હેઠળ ભારત સરકાર દ્વારા ચાલતા અભિયાન એક વૃક્ષ માં ના નામે .. અંતગર્ત કુણઘેર ખાતે આવેલી સરકારી કુમાર શાળા તેમજ સરકારી કન્યા શાળા ખાતે પરીવર્તન ગ્રુપ કુણઘેર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા વિદ્યાર્થીઓને વૃક્ષારોપણ વિશે તથા પ્રકૃતિના જતન માટે માહિતગાર કર્યા હતા તેમજ વિદ્યાર્થીઓ ભણીગણીને કેવી રીતે આગળ વધી શકે એ વિશે મોટીવેશનલ સ્પીચ આપી હતી . આ પ્રસંગે સ્વ. રતીલાલ ખોડાભાઈ કોન્ટ્રાકટરના સ્મરણાર્થે પ્રાથમિક કુમાર શાળા કુણઘેરને બે ટેબલ ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળા પરિવારના સભ્યો દ્વારા પરીવર્તન ગ્રુપ કુણઘેર ના ઉત્સાહી પ્રમુખ તેમજ સુપાર્શ્વ કન્સલ્ટિન્સી પાટણ ના માલિક શ્રી ડૉ.હેરીશન પરીખ નું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.કુણઘેર પ્રાથમિક કુમાર શાળાના આચાર્ય તારાબેન પટેલ તથા કન્યા શાળાના આચાર્ય મેઘનાબેન જોશી સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યાં હતા. કુણઘેર ખાતે વિશા ઝારોળા વણિક સાર્વજનિક હાઈસ્કૂલમાં પણ આચાર્ય પ્રવિણસિંહ ગોહિલ અને શિક્ષક ગણની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

ગુજરાતમાં આવેલો વિશાળ લક્ષ્મી વિલાસ પેલેસ દુનિયાનું સૌથી મોટું ખાનગી આવાસ

અમદાવાદ,તા.૩૦

મુકેશ અંબાણી અને નીતા અંબાણીનું મુંબઈમાં આવેલું ઘર એન્ટીલિયા દુનિયાના મોંઘાદાટ ઘરની યાદીમાં છે. પણ અમે તમને આજે તેમના આ એન્ટીલિયાથી પણ મોટા ઘર વિશે જણાવીશું અને તે પણ આપણા ગુજરાતમાં છે. અમે જે ઘર વિશે વાત કરી રહ્યા છે તે હકીકતમાં એક જબરદસ્ત પેલેસ છે. ગુજરાતમાં આવેલો આ વિશાળ લક્ષ્મી વિલાસ પેલેસ અનેક લોકો દ્વારા દુનિયાનું સૌથી મોટું ખાનગી આવાસ તરીકે ગણાય છે. કારણ કે તે આકારમાં બ્રિટનના પ્રસિદ્ધ બંકિંઘમ પેલેસ કરતા પણ મોટો છે. વડોદરામાં આવેલો આ લક્ષ્મી વિલાસ પેલેસ એ ગાયકવાડ પરિવારનો છે. અત્રે જણાવવાનું કે ગાયકવાડ બરોડાના પૂર્વ શાસક હતા અને આજે પણ બરોડા (વડોદરા)ના લોકોમાં તેમનું ખુબ સન્માન છે. પરિવારના મુખીયા એચઆરએચ સમરજીત સિંહ ગાયકવાડ છે. તેમના લગ્ન વાંકાનેર શાહી પરિવાર સાથે સંબંધ ધરાવતા રાધિકારાજે ગાયકવાડ સાથે થયા છે. લક્ષ્મી વિલાસ પેલેસ દુનિયાનું સૌથી મોટું ખાનગી નિવાસસ્થાન છે કારણ કે તેનો આકાર બ્રિટનના બંકિંઘમ પેલેસ કરતા પણ મોટો છે. ઉઁજૈહફ્ર.ર્ૈદ્ઘ મુજબ લક્ષ્મી વિલાસ પેલેસ ૩,૦૪,૯૨,૦૦૦ વર્ગ ફૂટમાં ફેલાયેલો છે. જ્યારે બંકિંઘમ પેલેસ ૮,૨૮,૮૨૧ વર્ગફૂટનો છે. નોંધનીય છે કે દુનિયાનું સૌથી મોંઘુ ઘર મુકેશ અંબાણીનું એન્ટીલિયા માત્ર ૪૮,૭૮૦ વર્ગ ફૂટમાં ફેલાયેલું છે. જેની કિંમત લગભગ ૧૫૦૦૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. ૧૭૦થી વધુ રૂમવાળો આ લક્ષ્મી વિલાસ પેલેસ મહારાજા સયાજીરાવ ગાયકવાડ તૃતીયએ ૧૮૯૦માં બનાવડાવ્યો હતો. જેનો ખર્ચો તે વખતે લગભગ દોઢ લાખ પાઉન્ડ(ય્ઁ ૧૮૦,૦૦૦) થયો હતો. ૧૯ જુલાઈ ૧૯૭૮ના રોજ જન્મેલા રાધિકારાજે ગાયકવાડના પિતા ડોકટર એમકે રણજીત સિંહ ઝાલા શાહી પરિવારના પહેલા સદસ્ય હતા જેમણે પોતાનો ખિતાબ છોડીને આઈએએસ અધિકારી બનવાનું નક્કી કર્યું. રાધિકારાજે ગાયકવાડે દિલ્હી યુનિ.ની લેડી શ્રીરામ કોલેજથી માસ્ટર ડિગ્રી પૂરી કરી. વર્ષ ૨૦૦૨માં મહારાજા સમરજીત સિંહ ગાયકવાડ સાથે લગ્ન કરતા પહેલા તેઓ એક પત્રકાર તરીકે કામ કરતા કરતા હતા.

તંત્રી લેખ....

અમેરિકામાં વ્યાજ દરમાં કોઈપણ કપાત ક્રિપ્ટો માર્કેટને ઈંધણ પૂરું પાડશે

અમેરિકામાં પ્રમુખપદની આગામી ચૂંટણીના મુખ્ય દાવેદાર ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે ક્રિપ્ટોકરન્સીસ માટેના પોતાના એજન્ડાને વિસ્તૃત બનાવતા અને અમેરિકામાં વ્યાજ દરમાં કપાતની શકયતા વધી જતા બિટકોઈન સહિત મુખ્ય ક્રિપ્ટોકરન્સીસમાં સપ્તાહના પ્રથમ દિવસે તેજી જોવા મળી હતી. બિટકોઈન ઊંચકાઈને છ સપ્તાહની ઊંચી સપાટીએ બોલાઈ રહ્યો હતો. બિટકોઈન છેલ્લા ચોવીસ કલાકમાં નીચામાં ૬૭૪૭૦ ડોલર અને ઉપરમાં ૬૯૮૪૩ ડોલર થઈ મોડી સાંજે ૬૯૪૪૮ ડોલર કવોટ કરાતો હતો. એથરમ૩૩૮૯ ડોલર બોલાતો હતો. -ક્રિપ્ટોકરન્સીસની વૈશ્વિક માર્કેટ કેપ વધી ૨.૪૮ ટ્રિલિયન ડોલર પહોંચી ગઈ હતી. નવેમ્બરમાં પોતે સત્તા પર આવશે તો બિટકોઈનને રાષ્ટ્રીય સ્ટ્રેટેજિક એસેટ બનાવવાની યોજનાને ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કરતા બિટકોઈનમાં ઉછાળો આવ્યો હતો.

બિટકોઈનનું રિઝર્વ ઊભું કરવા ઉપરાંત અમેરિકાને બિટકોઈન હોલ્ડિંગ્સ વેચતું પોતે અટકાવશે એમ ટ્રમ્પે શનિવારે બિટકોઈન પરિષદમાં બોલતા જણાવ્યું હતું. એક સમય આવશે જ્યારે બિટકોઈન સોનાની હરિફ એસેટ બની રહેશે. દરમિયાન વર્તમાન સપ્તાહમાં મળી રહેલી ફેડરલ ઓપન માર્કેટ કમિટિ (એફઓએમસી)ની બેઠકમાં વ્યાજ દરમાં કપાત અંગેના સંકેત મળી રહેવાની ધારણાં રાખવામાં આવી રહી છે. વ્યાજ દરમાં કપાતના કોઈ પણ નિવેદન બજારના મૂડને સુધારવામાં ટેકારૂપ બની રહેશે એમ સ્થાનિક ક્રિપ્ટો ટ્રેડરે જણાવ્યું હતું.બિટકોઈન હાલમાં તેની ૭૪૦૦૦ ડોલરની નજીકની ઓલટાઈમ હાઈ સપાટીથી ૪૦૦૦ ડોલરનું છેટું ધરાવે છે. જાન્યુઆરીમાં બિટકોઈન સ્પોટ ઈટીએફસને મંજુરી મળ્યા બાદ વર્તમાન વર્ષમાં બિટકોઈનને ટેકો મળ્યો છે.

અમેરિકામાં વ્યાજ દરમાં કોઈપણ કપાત ક્રિપ્ટો માર્કેટને ઈંધણ પૂરું પાડશે

મુંબઈ : અમેરિકામાં પ્રમુખપદની આગામી ચૂંટણીના મુખ્ય દાવેદાર ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે ક્રિપ્ટોકરન્સીસ માટેના પોતાના એજન્ડાને વિસ્તૃત બનાવતા અને અમેરિકામાં વ્યાજ દરમાં કપાતની શકયતા વધી જતા બિટકોઈન સહિત મુખ્ય ક્રિપ્ટોકરન્સીસમાં સપ્તાહના પ્રથમ દિવસે તેજી જોવા મળી હતી.બિટકોઈન ઊંચકાઈને છ સપ્તાહની ઊંચી સપાટીએ બોલાઈ રહ્યો હતો. બિટકોઈન છેલ્લા ચોવીસ કલાકમાં નીચામાં ૬૭૪૭૦ ડોલર અને ઉપરમાં ૬૯૮૪૩ ડોલર થઈ મોડી સાંજે ૬૯૪૪૮ ડોલર કવોટ કરાતો હતો. એથરમ૩૩૮૯ ડોલર બોલાતો હતો. -ક્રિપ્ટોકરન્સીસની વૈશ્વિક માર્કેટ કેપ વધી ૨.૪૮ ટ્રિલિયન ડોલર પહોંચી ગઈ હતી.

નવેમ્બરમાં પોતે સત્તા પર આવશે તો બિટકોઈનને રાષ્ટ્રીય સ્ટ્રેટેજિક એસેટ બનાવવાની યોજનાને ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કરતા બિટકોઈનમાં ઉછાળો આવ્યો હતો.

બિટકોઈનનું રિઝર્વ ઊભું કરવા ઉપરાંત અમેરિકાને બિટકોઈન હોલ્ડિંગ્સ વેચતું પોતે અટકાવશે એમ ટ્રમ્પે શનિવારે બિટકોઈન પરિષદમાં બોલતા જણાવ્યું હતું. એક સમય આવશે જ્યારે બિટકોઈન સોનાની હરિફ એસેટ બની રહેશે.

દરમિયાન વર્તમાન સપ્તાહમાં મળી રહેલી ફેડરલ ઓપન માર્કેટ કમિટિ (એફઓએમસી)ની બેઠકમાં વ્યાજ દરમાં કપાત અંગેના સંકેત મળી રહેવાની ધારણાં રાખવામાં આવી રહી છે. વ્યાજ દરમાં કપાતના કોઈ પણ નિવેદન બજારના મૂડને સુધારવામાં ટેકારૂપ બની રહેશે એમ સ્થાનિક ક્રિપ્ટો ટ્રેડરે જણાવ્યું હતું.બિટકોઈન હાલમાં તેની ૭૪૦૦૦ ડોલરની નજીકની ઓલટાઈમ હાઈ સપાટીથી ૪૦૦૦ ડોલરનું છેટું ધરાવે છે. જાન્યુઆરીમાં બિટકોઈન સ્પોટ ઈટીએફસને મંજુરી મળ્યા બાદ વર્તમાન વર્ષમાં બિટકોઈનને ટેકો મળ્યો છે.

સોનામાં ડયૂટી ઘટાડાતા ઘરઆંગણે જ્વેલરી બનાવવાની કામગીરી વધશે

મુંબઈ : વર્તમાન નાણાં વર્ષના બજેટમાં સોના પરની આયાત ડયૂટીમાં નોંધપાત્ર ઘટાડો કરાતા ભારતના સોનાના વપરાશકારો તથા ટ્રેડરો માટે દૂબઈ ખાતેથી સોનાની ખરીદીમાં જોરદાર ઘટાડો થવાની સંભાવના હોવાનું દૂબઈ ખાતે સ્ટોર્સ ધરાવતા ભારતના કેટલાક ટોચના જ્વેલર્સ માની રહ્યા છે. ઘરઆંગણે જ જ્વેલરી બનાવવાની કામગીરી વધવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ) જેની સાથે ભારત મુકત વેપાર કરાર (એફટીએ) ધરાવે છે ત્યાંથી નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતની સોનાચાંદીની આયાતમાં વાર્ષિક ધોરણે ૨૧૦ ટકા વધારો થઈને ૧૦.૭૦ અબજ ડોલર રહી હતી.જો કે મુકત વેપાર કરાર હેઠળ યુએઈખાતેથી સોનાની આયાત પર ત્રણ વર્ષ બાદ શૂન્ય ડયૂટી લાગુ કરવાની જોગવાઈ છે. મુકત વેપાર કરાર હેઠળ દૂબઈ ખાતેથી સોનાની આયાત પર હાલમાં નીચી ડયૂટીનો જ્વેલર્સ હવે ખાસ લાભ જોવા નહીં મળતા આયાત ઘટી જવાની શકયતા જોવાઈ રહી છે. વર્તમાન નાણાં વર્ષના બજેટમાં સોનાચાંદી પરની આયાત ડયૂટી ઘટાડી ૬ ટકા પર લાવી દેવાઈ છે. ડયૂટીમાં ઘટાડો થતાં ઘરઆંગણે ભાવ નોંધપાત્ર નીચે આવી જતા સ્થાનિક ટ્રેડરો તથા વપરાશકારો માટે જ્વેલરી ખરીદવા દૂબઈ જવાનો કોઈ અર્થ રહેતો નથી. યુનાઈટેડ આરબ અમીરાતસનો જ્વેલરીનો પચાસ ટકા વેપાર ભારતમાં આવી જવાની ધારણાં રાખવામાં આવી રહી છે. સોનાના ભાવમાં ઘટાડો થતાં ઘરઆંગણે જ જ્વેલરી બનાવવાની કામગીરીમાં વધારો થશે

જન્માષ્ટમી સ્પેશિયલ ટ્રેન: અમદાવાદ અને ઓખા વચ્ચે દોડશે ટ્રેન, જાણો ટાઈમ ટેબલ અને રૂટ

જન્માષ્ટમીના તહેવારનું સૌરાષ્ટ્રમાં અનેરું મહત્ત્વ હોય છે. તેને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ અમદાવાદ અને ઓખા વચ્ચે જન્માષ્ટમી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન શરુ કરવાનો નિર્ણય લીધો છે. જન્માષ્ટમીના તહેવાર દરમિયાન ભારે ભીડ અને ટિકિટ માટે લાંબા વેઈટિંગને ધ્યાનમાં રાખીને રેલવે દ્વારા આ સ્પેશિયલ ટ્રેન દોડાવશે.

ટ્રેન નંબર ૦૯૪૫૩ અમદાવાદ-ઓખા સ્પેશિયલ ૨૫મી ઑગસ્ટે(રવિવાર) અમદાવાદથી સવારે ૦૭.૪૫ કલાકે ઉપડશે અને સાંજે ૫:૦૦ કલાકે ઓખા પહોંચશે. જ્યારે ટ્રેન નંબર ૦૯૪૫૪ ઓખા-અમદાવાદ સ્પેશિયલ ટ્રેન ૨૬મી ઑગસ્ટે(સોમવાર) ઓખાથી સવારે ૦૫.૩૦ કલાકે ઉપડશે અને ૩.૦૦ કલાકે અમદાવાદ પહોંચશે.

ઓલા ટેક્સી ડ્રાઇવરોની હડતાળનો સુખદ અંત, કંપનીએ ટેક્સી ડ્રાઇવરોના ભાડામાં કર્યો વધાર્યો

TAXI
UBER
OLA

એગ્રિગેટર તરીકે કામ કરતી પ્રાઈવેટ કંપનીઓ ઓલા-ઉબર ઓનલાઈન એપના માધ્યમથી ટેક્સી ચલાવતા ડ્રાઈવરો હડતાળ પર ઉતર્યા હતા. ત્યારે સોમવારે મોડી રાત્રે ઓલા કંપની દ્વારા ડ્રાઈવરોની માંગને સ્વિકારી લેવામાં આવતા હડતાળ પાછી ખેંચી લીધી છે. જ્યારે ઉબેર કંપની ટ્રેક્સી ડ્રાઈવરોને કંપની દ્વારા ૩૦ ટકાના વધારાની ઓફર સ્વિકાર્ય ન હોવાથી હજુ પણ ઉબેરના ડ્રાઈવરોને ટેક્સી ન ચલાવવા માટે સમજાવવામાં આવી રહ્યા છે. ઓલા કંપની દ્વારા હવેથી ડ્રાઈવરોને પ્રતિ કિમી દીઠ ૧૫ રૂપિયાના બદલે ૧૭ રૂપિયા ભાડું ચૂકવવામાં આવશે એટલે કે પ્રતિ કિલોમીટર ૨ રૂપિયાનો વધારો કર્યો છે. જ્યારે રેપિડોએ ૨૦ રૂપિયા પ્રતિ કિલોમીટરની શરત મંજૂર કરતાં શાંતિપૂર્ણ રીતે હડતાળનો સુખદ અંત આવ્યો છે. બીજી તરફ ઉબેર કંપની દ્વારા કેટલીક ટેક્સીઓને ૧૦, ૧૨ કે ૧૫ રૂપિયા પ્રતિ કિલોમીટર દીઠ ચૂકવવામાં આવતા હતા તેની સામે હવે ૩૦ ટકા વધારાની ઓફર કરી છે. પરંતુ ઉબેરના ટેક્સીચાલકોએ આ ઓફરને સ્વિકારની ના પાડી દેતાં હજુ ૧-૨ દિવસ હડતાળ લંબાઈ શકે છે. એગ્રિગેટર તરીકે કામ કરતી પ્રાઈવેટ કંપનીઓ જેમ કે ઓલા, ઉબર, રેપિડો, જૂગનુ વગેરે ઓનલાઈન એપના માધ્યમથી સવારી બુક કરવાની કામગીરી કરે છે. તેમની ટ્રાન્સપોર્ટ સર્વિસમાં વપરાતા વાહનોમાં સફેદ નંબર પ્લેટનો ઉપયોગ કરાતો હોય છે, પરંતુ હવે આ રંગની નંબર પ્લેટ પ્રતિબંધિત કરાઈ છે.

હવેથી એગ્રિગેટર તરીકે કામ કરતી કંપની અને વાહનો માલિકોએ સફેદ નંબર પ્લેટના બદલે યલો નંબર પ્લેટ (કોમર્શિયલ) નો ઉપયોગ કરવાનો રહેશે. જો હવેથી એગ્રિગેટર કંપની આ રીતે સફેદ નંબર પ્લેટનો ઉપયોગ કરશે તો એગ્રિગેટર કંપની તેમજ વાહન સામે પરમિટ ભંગ કરવા બદલ કાર્યવાહી કરાશે. આ માટે રૂ. ૧૦,૦૦૦ સુધીનો દંડ ફટકારાઈ શકે છે. આ માટે ખાસ ચેકિંગ ડ્રાઈવ અઠવાડિયામાં બે વખત યોજવામાં આવશે.

અમદાવાદ સિમેન્ટ-કોંક્રિટનું જંગલ બની જાય એ દિવસો દૂર નથી, પાંજરાપોળ ફલાયઓવર બ્રિજના વિવાદમાં હાઈકોર્ટની ટિપ્પણી

શહેરના પાંજરાપોળ ક્રોસ રોડથી આઈઆઈએમ, અમદાવાદ સુધી અમ્યુકો દ્વારા સૂચિત ફલાયઓવર બ્રિજના વિવાદમાં આખરે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ જાહેરહિતની રિટ અરજી દાખલ થઈ છે. જેની સુનાવણી દરમ્યાન ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે બહુ ગંભીર અને માર્મિક ટકોર કરતાં જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરમાં ગ્રીન કવર લગભગ ખતમ થવા પર છે અને એ દિવસો દૂર નથી કે જયારે અમદાવાદ સિમેન્ટ-કોંક્રિટનું જંગલ બની ગયું હશે. હાઈકોર્ટે ટ્રાફિક અને વધતા જતાં અકસ્માતોને લઈને ગંભીર ચિંતા વ્યકત કરી હાઈકોર્ટે ટ્રાફિકની અને વધતા જતાં અકસ્માતોને લઈને પણ ગંભીર ચિંતા વ્યકત કરી હતી. હાઈકોર્ટે આ જાહેરહિતની રિટને ગ્રાહ્ય રાખતાં એટલે સુધી કહ્યું હતું કે, અદાલત ઈચ્છતી હતી કે, કોર્ટ સમક્ષ કોઈ આવે...ખાસ કરીને આ રસ્તાઓ માટે કારણ કે, એસજી હાઈવે પરથી શહેરમાં જવાના જે જે રસ્તાઓ છે, તે બહુ ભયાનક છે. કોઈપણ ફલાયઓવર કે ક્રોસરોડનું આયોજન શહેરના બંધારણને ઘ્યાનમાં રાખીને થવું જોઈએ, આડેધડ નહીં.

હાઈકોર્ટે વૃક્ષછેદન, ટ્રાફિકની સમસ્યા, અકસ્માત, હેલ્મેટ સહિતના અન્ય મુદ્દાઓને પણ અરજીમાં આવરી લઈ જરૂરી સુધારો કરવા પણ અરજદારપક્ષને નિર્દેશ કર્યો હતો અને અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનની પિટિશનની એડવોન્સ કોપી આપવા નિર્દેશ કર્યો હતો. આ વિસ્તારના ૨૦ જેટલા સ્થાનિક રહીશો દ્વારા કરાયેલી જાહેરહિતની રિટ અરજીમાં સિનિયર ઍડ્વોકેટ મીહિર ઠાકોર દ્વારા એ મતલબની રજૂઆત કરાઈ હતી કે, અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સત્તાવાળાઓ દ્વારા પાંજરાપોળ ક્રોસ રોડથી આઈઆઈએમ સુધી વધુ એક ફલાયઓવર બ્રિજ બનાવવાની તજવીજ હાથ ધરાઈ છે પરંતુ વાસ્તવમાં આ બ્રિજની કોઈ જરૂરિયાત જ નથી.

એક બ્રિજ પહેલેથી જ હોવાથી નવા ફલાયઓવરની કોઈ જરૂરિયાત નથી

વળી, ૨૭૫ મીટરના અંતરે એક બ્રિજ પહેલેથી જ છે, તેથી આ નવા ફલાયઓવરની કોઈ જરૂરિયાત નથી. બીજું, કે અમ્યુકો સત્તાવાળા દ્વારા આ સૂચિત ફલાયઓવરને લઈને આ વિસ્તારના વર્ષો જૂના અને પ્રાચીન વૃક્ષોને આડેધડ રીતે કાપવા જઈ રહ્યા છે. જેમાં ચારથી વધુ મોટા અને જૂના વૃક્ષો કાપી પણ નાખ્યા છે, જેને લઈ સ્થાનિક રહીશોએ અને આ રોડ પરથી અવરજવર કરતાં પર્યાવરણ પ્રેમીઓમાં ભારે દુઃખ અને આઘાતની લાગણી પ્રસરી છે. આ સમગ્ર રોડવાળો વિસ્તાર ગ્રીન કવર છે અને વર્ષો જૂના અને મોટા ઘટાદાર વૃક્ષોના ગ્રીન કવરથી એકદમ હરિયાળો છે અને અમ્યુકો વિકાસના ઓઠા હેઠળ વર્ષો જૂના વૃક્ષોના ગ્રીન કવર અને હરિયાળી ક્રાંતિનું નિકંદન કાઢવા માંગે છે, જે કોઈપણ સંજોગોમાં યોગ્ય કે વાજબી નથી.

રેલવેમાં બમ્પર ભરતીની જાહેરાત, આજથી ફૉર્મ ભરવાનું શરુ, આ રીતે ફટાફટ કરો અરજી

એન્જિનિયરિંગ ડિપ્લોમા કરી રેલવેમાં નોકરી મેળવવા ઈચ્છુકો માટે મહત્ત્વના સમાચાર છે. રેલવેએ જેઈ કેમિકલ એન્ડ મેટલર્જિકલ આસિસ્ટન્ટ સહિત વિવિધ પદ પર ભરતી જાહેર કરી છે. આ પદ માટે આજથી ૩૦ જુલાઈથી અરજી પ્રક્રિયા શરુ થઈ ગઈ છે. ઈચ્છુક ઉમેદવારો રેલવેની સત્તાવાર વેબસાઈટ [illegible] પરથી અરજી કરી શકાશે.રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ (ઈઈમ) કુલ ૭૯૫૧ પદ માટે ભરતી કરશે. જેમાંથી ૧૭ ભરતી ગોરખપુરમાં કેમિકલ સુપરવાઈઝર-રિસર્ચ અને મેટલર્જિકલ સુપરવાઈઝર-રિસર્ચ પદ માટે છે. તદુપરાંત જુનિયર એન્જિનિયર, ડિપો મટિરિયલ સુપરિટેન્ડન્ટ, કેમિકલ એન્ડ મેટલર્જિકલ આસિસ્ટન્ટ માટે ૭૯૩૪ પદ પર નિમણૂક કરાશે. અરજી ૩૦ જુલાઈથી ૨૯ ઑગસ્ટ સુધી કરી શકાશે. જેમાં મોડિફિકેશન ૩૦ ઑગસ્ટથી ૮ સપ્ટેમ્બર સુધી યોજાશે.

કેમિકલ સુપરવાઈઝર-રિસર્ચ અને મેટલર્જિકલ સુપરવાઈઝર પદ માટે અરજી કરનાર ઉમેદવાર પાસે સંબંધિત વિષયમાં એન્જિનિયરિંગની ડિગ્રી હોવી જોઈએ. તેમજ અન્ય પદ માટે અરજી કરવા સંબંધિત વિષયમાં ત્રણ વર્ષની ડિપ્લોમા એન્જિનિયરિંગની ડિગ્રી હોવી જોઈએ.

અરજદારની વય મર્યાદા ૧૮થી ૨૬ વર્ષની હોવી જોઈએ. તેમાં ઓબીસી વર્ગ માટે ૩ વર્ષ અને એસસી અને એસટી કેટેગરીમાં ૫ વર્ષની છૂટ મળે છે. એસસી, એસટી, ભૂતપૂર્વ સૈનિક, મહિલા, ટ્રાન્સજેન્ડર, લઘુમતી અને આર્થિક રીતે પછાત લોકો માટે અરજી ફી રૂ. ૨૫૦ અને જનરલ કેટેગરી માટે અરજી ફી રૂ. ૫૦૦ છે.

પ્રાકૃતિક ખેતીની માત્ર વાતો! ગુજરાતમાં વર્ષે ૧૮૦૦ ટન જંતુનાશક દવાનો વપરાશ, રિપોર્ટમાં ખુલાસો

એક તરફ ગુજરાતમાં હજારો ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યાં છે, તેવો સરકાર દાવો કરી રહી છે. જ્યારે બીજી તરફ, ખુદ કેન્દ્ર સરકારે જ ખુલાસો કર્યો છે કે, ગુજરાતના ખેડૂતો ખેતી માટે કેમિક્લયુક્ત જંતુનાશક દવાનો વ્યાપકપણે ઉપયોગ કરી રહ્યાં છે. દર વર્ષે ગુજરાતમાં સરેરાશ ૧૮૦૦ મેટ્રિક ટન કેમિક્લયુક્ત જંતુનાશક દવાનો વપરાશ કરવામાં આવી રહ્યો છે. ઝેરી જંતુનાશક દવાથી ઉત્પાદિત અનાજ-ખાદ્યપેદાશો લોકો સ્વાસ્થય માટે જોખમી બની રહી છે. તેમ છતાંય ગુજરાતના ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ ઢળી શક્યા નથી. ખેતરોમાં જીવજંતુથી પાકને

બચાવવા માટે કેમિક્લયુક્ત જંતુનાશક દવાનો ઉપયોગ કરવામાં આવે છે. ખાસ કરીને કપાસ, મગફળી અને ડાંગર જેવા પાકોમાં જંતુનાશક દવાનો વધુ પ્રમાણમાં ઉપયો થાય છે. એક રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં પ્રતિ હેક્ટર ૩૩૧ ગ્રામ કેમિક્લયુક્ત જંતુનાશક દવાનો ઉપયોગ થઇ રહ્યો છે.પાકને કીટનાશકોથી બચાવવા માટે જંતુનાશક દવાનો ઉપયોગ કરાય છે. પરંતુ તેની લોકો સ્વાસ્થય પર ગંભીર અસર થઇ રહી છે. ઝેરી જંતુનાશક દવાના ઉપયોગથી ઉત્પાદિત અનાજ-ખાદ્યપદાર્થને કારણે કેન્સર જેવી ગંભીર બિમારીને નોતરુ મળી રહ્યું છે.રાજ્ય સરકારના દાવા વચ્ચે હજુય ખેડૂતો જૈવિક જંતુનાશક દવાનો ઉપયોગ કરવાનુ ટાળી રહ્યા છે. કેન્દ્ર સરકારના રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૮૩૯ મેટ્રિક ટન, વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૭૪૭ મેટ્રિક ટન અને વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૮૩૫ મેટ્રિક ટન કેમિક્લયુક્ત જંતુનાશક દવાનો ઉપયોગ કરવામાં

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

NOG(443)2024
નરેન્દ્ર ત્રિવેદી

NOG SS NO 184

વિષય :-" જો લક્ષ્ય આપણું હોય તો બીજા ની સલાહ કેમ.?"
શીર્ષક :-હારની 'પરખ'
પ્રકાર :- પધ - શબ્દ :-૧૩૦

શોધી રહ્યા છે બધા, અર્જુન ખોવાઈ ગયો છે;
શું જમાનો આવ્યો છે, શકુનિ છવાઈ ગયો છે.
લક્ષ્યની વાત આવે તો અર્જુન પહેલો બિરાજે,
જુઓ તો ખરા અહીં, તીરંદાજ ચવાઈ ગયો છે.
કમનસીબીનો તો ક્યાં અંત હોય છે જગમાં?
તીર લઈ લક્ષ્ય સાધનાર વીર બીવાઈ ગયો છે.
છળ, કપટ, લાગવગ, ભ્રષ્ટાચાર ને દાદાગીરી;
કળિયુગી શસ્ત્રો સામે લડનાર હવાઈ ગયો છે.
લક્ષ્ય માટે નીકળેલા કોઈને સલાહ શું કામ?
કાપનારા એને અંગત, સ્નેહ ખવાઈ ગયો છે.
સાચી કે ખોટી સલાહ લેનારાઓને તાળી મળે,
સલાહ વિના તો અહીં લક્ષ્યાંક ધોવાઈ ગયો છે.
સોના, હીરા કે ઝવેરાત કરતાં પણ મોંઘી સલાહ;
હારની 'પરખ' થઈ, સલાહ માર્ગ લેવાઈ ગયો છે.

હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ'

* * *

NOG SS NO 166

વિષય :- "જો લક્ષ્ય આપણું હોય તો
બીજાની સલાહ કેમ?
શિર્ષક :- " મારે સલાહની જરૂર નથી "
પ્રકાર :- પદ્ય. શબ્દો:- ૯૭

સફળતાના શિખરે ચડવું છે મારે, કઠીન પરિશ્રમ કરવો છે,
નથી જોઈતી કોઈની મદદ મારે, લક્ષ્ય મારૂં સિધ્ધ કરવું છે.

ભલે મુશ્કેલીઓ સહેવી પડે મારે, આગળ વધતા રહેવું છે,
કદી પણ નિરાશ નથી બનવું મારે, લક્ષ્ય મારૂં સિધ્ધ કરવું છે.

ભલે કડવા અનુભવ કરવા પડે મારે, હસતા મુખે રહેવું છે,
દેખા દેખીને અનુસરવી નથી મારે, લક્ષ્ય મારૂં સિધ્ધ કરવું છે.

કોઈની જાળમાં ફસાવું નથી મારે, સમજીને પગલું ભરવું છે,
પ્રમાણિકતાને માર્ગે ચાલીને મારે, લક્ષ્ય મારૂં સિધ્ધ કરવું છે.

કોઈની સલાહ લેવી નથી મારે, હવે મનથી મક્કમ બનવું છે,
"મુરલી" પ્રભુની પ્રેરણા લઈને મારે, લક્ષ્ય મારૂં સિધ્ધ કરવું છે.

રચના:-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

* * *

NOG SS NO-195

વિષય :- "જો લક્ષ આપણું હોય તો બીજાની સલાહ કેમ.?"
શીર્ષક:- "લક્ષ લાખનું"
પ્રકાર:- પદ્ય (કાવ્ય) / શબ્દ:- ૭૦

લક્ષ હોય લાખનું સલાહ સવા લાખની,
સાચી હોય તો સારી નહિતો છે રાખની.

વિદુર હો કે વિકર્ણ સલાહ સવા લાખની,
શકુની ને શુ કરીએ એ સલાહ છે રાખની.

સ્વની સાથે સૃષ્ટીનો કરીએ વિચાર સારો,
પોતાની પહેલા પારકું સલાહ સવા લાખની.

સલાહ તો છે સડક અડગ ને શુ કરવાની,
ખરો ખ્વાબ ખખડસે ખોટી સલાહ ખાકની.

લક્ષ હોય લાકડા સમ સલાહ ઢીલો સાંઠો,
હિંમત હોય હૈયામાં સાચી સલાહ હાકની.

અમૃત શ્રીમાળી - મહેસાણા

* * *

NOG SS No.167

★વિષય:-"જો લક્ષ્ય આપણું હોય તો બીજા સલાહ કેમ"★
★શિર્ષક;-★લક્ષ્ય વ્યક્તિની ઉર્જા છે.★
★પ્રકાર:- ગદ્ય - શબ્દ:-૩૪૫★

લક્ષ્ય એટલે ઉદ્દેશ, હેતુ, ધ્યેય કંઈક મેળવાની ઈચ્છા. દરેક વ્યક્તિ જીવનમાં કોઈને કોઈ ઉદ્દેશ, ધ્યેય કે કંઈક મેળવાનું લક્ષ્ય રાખતી હોય છે. પણ, સવાલ એ છે કે લક્ષ્ય નક્કી કરવાથી એ મળી નથી જતુ. તેને મેળવવા માટે પ્રબળ ઈચ્છા શક્તિ હોવી જોઈએ. તેના માટે યોજનાબદ્ધ રીતે આગળ વધવું પડે. સામાન્ય રીતે દરેક વ્યક્તિ પોતાનું લક્ષ્ય તો નક્કી કરતો હોય છે અને તે મેળવવા માટે પ્રયત્ન પણ કરતો હોય છે. પણ પ્રત્યન કરે અને તે હાંસલ કરવા કે ત્યાં સુધી પહોંચવા માટે સામાન્ય પ્રવાહની જેમ આગળ વધે છે. પરિણામે લક્ષ્ય સુધી પહોંચી નથી શકતો. અધવચ્ચે અટકી જાય છે કે પછી લક્ષ્ય બદલી નાખે છે. એમ માનીને કે એ હું નહીં મેળવી શકું.

જ્યારે આવી પરિસ્થિતિ થાય છે ત્યારે વ્યક્તિ પોતાની નિષ્ફળતા વિશે વિચારે છે. અને પોતાનું નક્કી કરેલું લક્ષ્ય બરોબર હતું કે નહીં તેની સલાહ બીજા પાસે લેવા જાય છે. જે વ્યક્તિએ તેનું લક્ષ્ય પ્રાપ્ત કરી લીધું હોય છે તેની પાસે પોતાના લક્ષ્ય સુધી પહોંચવા માટે સલાહ, સૂચન માંગે છે. વ્યક્તિ અહીંયા જ ભૂલ કરે છે. દરેક વ્યક્તિના લક્ષ્ય પ્રાપ્તિ ના સમય અને સંજોગો જુદાજુદા હોય છે.

જો, લક્ષ્ય આપણું છે તો તેને પ્રાપ્ત કરવાની ત્યાં સુધી પહોંચવાની આપણી માનસિકતા અને યોજના હોવી જોઈએ. પ્રબળ ઈચ્છા શક્તિ હોવી જોઈએ. બીજાના સલાહ, સૂચનની જરૂર નથી. જે કોઈ સલાહ, સૂચન કરશે એ પોતાની વિચારધારા પ્રમાણે કરશે. એટલે જો લક્ષ્ય આપણું તો તેમાં બીજાની સલાહ કે સૂચન શું કામ લેવાના. આપણી કહેવત છે "નીચું નિશાન માફ, નહીં માફ નિશાન ચૂક." એમ "નહીં માફ લક્ષ્ય વગરની જિંદગી." દિશાવિહીન લક્ષ્ય ક્યારેય મંઝિલે પહોંચે નહીં. તમેજ તમારી દિશાને લક્ષ્ય નક્કી કરો.

વ્યક્તિ પોતાના લક્ષ્યને નક્કી કરવા માટે બીજાની સલાહ કે સૂચન લે છે તેની પાછળ પોતે નક્કી કરેલ લક્ષ્યની નિષ્ફળનો મનમાં ભય હોય છે. આ ભય જ તેને બીજાની સલાહ માટે પ્રેરિત કરે છે. જો, આ ભય જ ન હોય તો લક્ષ્ય તમારું, તેની પ્રાપ્તિ કે નિષ્ફળતા પણ તમારી. બસ, જો, વ્યક્તિ આટલું મનમાં નક્કી કરી લે તો તેને નક્કી કરેલ લક્ષ્ય સુધી પહોંચતા કોઈ ન રોકી શકે.

નરેન્દ્ર ત્રિવેદી

* * *

NOG SS NO:153

વિષય:"જો લક્ષ્ય આપણું હોય તો બીજા ની સલાહ કેમ?"
શીર્ષક:"ડીગ્રી વિ. લક્ષ્ય." પ્રકાર:ગધ્ય.
શબ્દો:૨૮૨

ડીગ્રી માત્ર આધાર છે, જિંદગી નહીં.ડીગ્રી સારી જોબ અપાવી શકે,સારું જીવન નહીં.ડીગ્રી એ યુનિફોર્મ છે,પહેરવેશ નહીં.ડીગ્રી થી કદાચ શિસ્ત આવી શકે, સમજણ નહીં.સારી જોબ માટે ડીગ્રી જરુરી છે,સારાં બિઝનેશ માટે નહીં. સમાજ માં તમારી ઓળખ તમારું લક્ષ્ય, સમજણ,વિચાર, વ્યવહાર અને સ્વભાવ થી થાય છે,ડીગ્રી થી નહીં.ડીગ્રી થી સારી પત્ની મળી શકશે,સારાં પતિ ના થવાય .ડીગ્રી ની માર્કશીટ આપણાં **H.R.REPORT** માં ફાઈલ થાય,જ્યારે તમારું લક્ષ્ય,તે અંગે ની તમારી સમજણ,તે પુરું કરવાં નાં તમારાં વિચાર, તેથી ઊભી થતી તમારી પર્સનાલીટી સમાજ નાં લોકો નાં હ્રુદય માં ફાઈલ થાય. સુગંધ ફુલો માં પણ હોય છે અને અત્તર માં પણ હોય છે.પણ અભણ પતંગીયાંઓ ફુલો પર બેસે છે,અત્તર પર નહીં. કેમકે તેમની પાસે લક્ષ્ય છે,ડીગ્રી નહીં.પણ આ ભણેલી માનવજાત અત્તર જેવાં વખાણ કરે તેમની સાથે બેસે છે કેમકે તેમની પાસે ડીગ્રી છે લક્ષ્ય નથી. ડીગ્રી બીજાં પાસે થી મળે છે,જ્યારે લક્ષ્ય આપણું પોતાનું હોય છે,જેમાં બીજાં ની સલાહ ની જરુર પડતી નથી.બીજાં ની સલાહ ને અનુસરસો તો તમારે જવું હશે કાશ્મીર ને પહોંચી જશો કલકત્તા.

દુનીયા માં બે પ્રકાર નાં લોકો વસે છે.એક નિર્ધારીત લક્ષ્ય પર તેનું ધ્યાન કેન્દ્રીત હોય છે.તેઓ કાયમ ક્રિયેટીવ હોય છે.તેમને કાંઈક ગોલ એચીવ કરવો હોય છે.કાંઈક બનવું હોય છે.નીચે પછડાય તો યે ઊભો થઈ ને પાછો લક્ષ્ય ની પાછળ દોડે છે.તેમને કોઈ ની સલાહ ની જરુર પડતી નથી અને અલ્ટીમેટલી એવરેસ્ટ નાં લક્ષ્ય પર સફળતાં નો રાષ્ટ્રધ્વજ ફરકાવે છે. જ્યારે લક્ષ્ય વગર નાં જોવાં વાળા દોડવાં વાળા ની સારી-નરસી ટીકા કર્યા કરે છે.અને સરવાળે જ્યાં ઊભાં હતાં ત્યાં ને ત્યાં જ ઊભાં હોય છે. લેખક:જીતેન્દ્ર શાહ "સુકાન્ત"(અમદાવાદ)

* * *

NOGSS NO :158

પ્રકાર: ગદ્ય
વિષય: જો લક્ષ્ય આપણું હોય તો બીજાની સલાહ કેમ?
શીર્ષક :ધ્યેય પ્રાપ્તિ
શબ્દ સંખ્યા:૨૬૦

??

? લક્ષ્ય એટલે ગોલ, ધ્યેય ,ઉદ્દેશ, હેતુ, કંઈક મેળવવાની આકાંક્ષા, ઈચ્છા. દરેક વ્યક્તિને કંઈ ને કંઈ મેળવવાની આકાંક્ષા હોય જ છે પણ તેમણે

આભાર - નિહારીકા રવિયા પહેલાં ધ્યેય નક્કી કરવું જોઈએ.

ધ્યેય કે મંજિલ જ ન હોય તો માણસ જ્યાં ત્યાં અથડાય છે.

"ધ્યેય વગરનું જીવન પાયા વગરની ઈમારત જેવું છે".

ધ્યેય નક્કી કરો પછી ધ્યેયની પ્રાપ્તિ ત્યારબાદ તે ધ્યેયને પહોંચી વળવા માટે ખૂબ મહેનત, અડગ મન, આત્મવિશ્વાસ સાથે પરિશ્રમ જરૂરી છે. પરિશ્રમ પારસમણી છે, મહેનત થકી જ કાર્ય સિદ્ધિ થઈ શકે છે, ધ્યેય પ્રાપ્તિ પણ ચોક્કસ થશે.

"મંજિલ વગરના માણસને રસ્તો પણ નથી મળતો,
ને અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો".

લક્ષ્યનક્કી કર્યા પછી જો મહેનત નહીં હોય તો પણ તમે એ મંજિલને આંબી નહીં શકો. તમારી નાવ અધવચ્ચે અટકી જશે. જ્યારે આવું થાય ત્યારે વ્યક્તિ પોતાની નિષ્ફળતા વિશે વિચારે છે અને પોતે જે નક્કી કરેલું લક્ષ્ય બરાબર હતું કે નહીં એ વિશે બીજા પાસે સલાહ સૂચન લેવા જાય છે. તો આ વ્યક્તિની ભૂલ છે. લક્ષ્ય આપણું હોય તો મહેનત પણ આપણે જ કરવાની હોય. આપણે એવી માનસિકતા કેળવવી પડશે.બીજાના સલાહ સૂચનની જરૂર નથી. આપણે જ કાર્ય કરવું પડશે. સ્વર્ગે જવા માટે પોતે જ મરવું પડે બીજા મૃત્યુ પામે અને આપણે સ્વર્ગે જઈએ એવું ના બને. લક્ષ્ય પ્રાપ્તિ માટે સમય સંજોગો બધું અલગ અલગ હોય છે.

વ્યક્તિએ એટલું જ વિચારવાનું કે લક્ષ મારું તેની પ્રાપ્તિ માટે મહેનત પણ મારી અને પરિશ્રમ સાથે મહેનત હોય એટલે સફળતા ચોક્કસ મળે નિષ્ફળતાનો વિચાર સુદ્ધાં કરવાનો ન હોય અને લક્ષ્ય સુધી જે પહોંચી જાય છે.

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' સુરેન્દ્રનગર

ગોવિજ્ઞાન અનુસંધાન કેન્દ્ર અને શારદા વિહાર દ્વારા 'પંચગવ્યથી કર્કરોગની પ્રભાવી ચિકિત્સા' વિષય પર ૨ દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠીનું આયોજન

ગોવિજ્ઞાન અનુસંધાન કેન્દ્ર અને શારદા વિહાર દ્વારા 'પંચગવ્યથી કર્કરોગની પ્રભાવી ચિકિત્સા' વિષય પર ૨ દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય શાસન અધિકારી, આયુષ મંત્રાલયના અધિકારી,સુનિલજી, રાકેશજી દ્વારા આ સત્રનું ઉદઘાટન કરવામાં આવશે.

જેમાં વી. રાકેશ શર્મા, વી. નંદિની ભોજરાજ, વી. પ્રજ્ઞાન ત્રિપાઠી, વી. આનંદ નાંદેડકર, વી. અદિતિ કુલકર્ણી, અલકનંદા કુલકર્ણી, વી. આશુતોષ પાટણકર, વી. ઓમ પ્રકાશ સિંહ, ડૉ. સંજય મહેશ્વરી, ડૉ. સંજય વાટે, ડૉ. પ્રકાશ ઈટંકર, ડૉ. વૈભવ તિવારી, ડૉ. રાજપાલ કશ્યપ,ડૉ. અશોક કલવાર, મનીષ દેશમુખ, ડૉ. અશોક વૈધ, વી. જયકૃષ્ણન, વી. પ્રજ્ઞાન ત્રિપાઠી, શૈલેષ માનકર, વી. અમિત નાકણેકર, ડૉ. અભિષેક ઢોબલે,આશિષ અગ્રવાલ, શ્રેયાંશ જૈન, વૈભવ તિવારી, ડૉ. ગાયત્રી મૂથિયાન, શ્વેતા અરોરા, દેવદત્ત દેશમુખ સાહિતનાઓ દ્વારા વિવિધ કેન્સરની વધતી જતી ઘટનાઓ, આયુર્વેદના દૃષ્ટિકોણથી કેન્સર ડિસઓર્ડર, લોકપ્રિય દવામાં પંચગવ્ય - ઉપયોગ, પરિણામો, સંશોધન પ્રવૃત્તિઓ, આયુર્વેદ-એલોપેથી સંયુક્ત સુધારા યોજના વગેરે વિષયો પર સંગોષ્ઠી યોજાશે.

આ બે દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠીનું આયોજન ૪ અને ૫ ઓગસ્ટ,રવિવાર અને સોમવારના રોજ શારદા વિહાર વિદ્યાલય કેરવા બંધ માર્ગ, ભોપાલ ખાતે કરવામાં આવ્યું છે. આ અંગે વધુ માહિતી માટે વી શૈલેષ માંકર (મો. ૯૪૨૫૩૮૨૦૩૨) અને હુકુમ પાટીદાર(મો. ૯૪૨૫૦૪૩૩૪૭) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

ગુજરાતમાં સાયબર ગુન્હાઓમાં સતત વધારોઃ સાઈબર છેતરપીડીના ગુન્હાઓમાં ગુજરાત ૧૨૧૭૦૧ગુન્હાઓ સાથે દેશમાં ૩માં ક્રમાંકે છે.

ડીઝીટલ ઈન્ડિયાની સુફિયાણી વાતો કરતી ભાજપ સરકારની પોલ ખોલતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાશ્રી હિરેન બેન્કરએ જણાવ્યું હતું કે ગુજરાતમાં નકલી અધિકારી, નકલી કચેરી, નકલી ટોલનાકા, નકલી પીએમઓ, સીએમઓ અધિકારી બાદ નકલી ઓળખ બનાવીને ગુજરાતના નાગરીકોને લૂટવાનું સુનિયોજિત રીતે સાયબર ગઠિયાઓ ગુન્હાખોરી કરી રહ્યા છે. ગુજરાતમાં ફેક પ્રોફાઈલ, ફેસબુક આઈડી સહિતની નકલી ઓળખ બનાવીને નાગરિકોના ખીસ્સા પર લુંટ ચલાવામાં આવી રહી છે ત્યારે ગુજરાતના માનનીય ગૃહમંત્રીશ્રી પણ આમાંથી બાકાત રહી શક્યા નથી. સાયબર ગઠીયાઓ એટલા છાટકા બન્યા છે કે તમને ગુજરાતના ગૃહમંત્રીશ્રીનું પણ નકલી એકાઉન્ટ બનાવી દીધું. સુરતના કમિશનરનું પણ નકલી એકાઉન્ટ પણ બનાવવમાં આવ્યું. આજ દર્શાવે છે કે ગુજરાતના નાગરીકોને સાઈબર સુરક્ષા આપવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ નીવડી છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને કોમ્યુનિકેશનના યુગમાં ઈન્ટરનેટ વપરાશ આવશ્યક બન્યું છે ત્યારે ઓનલાઈન સર્ફિંગ, સોશીયલ મીડિયા, ઈ-બેન્કિંગ સહિતના સાઈબર ગુન્હાઓમાં ગુન્હાઓ ગુજરાતમાં સતત વધુ રહ્યા છે. એક વર્ષ(૨૦૨૩)માં જ ગુજરાતમાં ૧૨૧૭૦૧ જેટલી સાયબર ફ્રોડની ફરિયાદ નોધાઈ છે. સાયબર ગઠિયાઓ એ એક વર્ષમાં સાયબર છેતરપીડીમાં ગુજરાતીઓ રૂપિયા ૬૫૦ કરોડના લૂટ્યા છે. સરેરાશ દર કલાકે ૧૩થી વધુ અને એક દિવસમાં સરેરાશ ૩૩૩થી વધુ સાયબર છેતરપીડીના ગુન્હાઓ ગુજરાતમાં થઈ રહ્યા છે. વર્ષ ૨૦૨૩માં દેશમાં ૧૧૨૮૨૬૫ સાયબર ફ્રોડની ફરિયાદ નોધાઈ છે. જેમાં ઉત્તરપ્રદેશ ૧૯૭૫૪૭ સાથે પ્રથમ, મહારાષ્ટ્રમાં ૧૨૫૧૫૩ સાથે બીજા અને ગુજરાતમાં ૧૨૧૭૦૧ ફરિયાદ સાથે ત્રીજા ક્રમાંકે છે.

મહિલા જાતીય સતામણી, મોબાઈલ, કોમ્પ્યુટર, ટેબલેટ, લેપટોપ દ્વારા ઈન્ટરનેટના માધ્યમથી કાયદા-કાનુનનો ભંગ કરીને થતી છેતરપીડી ઓનલાઈન ફ્રોડ, આર્થીક ગુનાઓની ઘટનાઓ ગુજરાતમાં વધી રહી છે. સાયબર ફ્રોડથી બચવાની માહિતી ગુજરાતના નાગરિકોને મળીએ તે આવશ્યક છે ત્યારે ગુજરાતમાં સાઈબર ગુન્હાઓની તપાસ, કાર્યવાહી વગેરે માટે માત્ર ૧૪ જેટલા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન છે. ગુજરાતમાં વધી રહેલા સાયબર ફ્રોર્ડને રોકવા ભાજપ સરકાર કડક અને ત્વરિત પગલા લે અને સાયબર સુરક્ષા અંગે યુવાનોમાં જાગૃતિના વધુમાં વધુ કાર્યક્રમો થાય એ સુનિશ્ચિત કરે.

TOURIST
TOURIST
ચારધામ યાત્રા-૨૦૨૪
યમનોત્રી-ગંગોત્રી-કેદારનાથ-બદ્રીનાથ
GJ18EB2728

વાલમ બ્રાહ્મણ કેળવણી અને સાંસ્કૃતિક મંડળ દ્વારા તા ૧૧/૭/૨૪ થી ૨૪/૭/૨૪ ૧૪ દિવસ વાલમ બ્રાહ્મણ સમાજના સભ્યો માટે ચારધામ યાત્રા નજીવી રકમ નાં પેકેજ ફક્ત રૂ ૧૯૫૦૦ માં કરવામાં આવેલ જેમાં ૪૭ સભ્યો એ ચારધામ યાત્રા કરવા નો લાભ લીધેલ મહાદેવ ની કૃપા અને આશીર્વાદ થી સર્વે યાત્રાળુઓ ની યાત્રા નિર્વિઘ્ને સંપન્ન થઇ સંસ્થા દ્વારા તદન નિરાધાર ગંગા સ્વરૂપ બહેનો ને ફ્રિ માં ધાર્મિક સ્થળો ની યાત્રાઓ ગુજરાત ના દેવસ્થાનો ની કરાવવા આવેલ છે શ્રી ભાઈલાલભાઈ ભટ્ટે અખબારી યાદીમાં જણાવ્યું છે

વિસાવદર લાયન્સ કલબના હોદેદારો નો શપથ ગ્રહણ સમારોહ સંપન્ન

વિસાવદર : તાજેતરમાં વી. ડી. પટેલ શૈક્ષણિક સંકુલ માડાવડ ખાતે લાયન્સ કલબ વિસાવદર ના હોદેદારો નો શપથ ગ્રહણ સમારોહ કલબના વર્ષ ૨૦૨૩/૨૪ પ્રેસિડેન્ટ લાયન રમણીકભાઈ ગોહેલ ના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. જેમાં લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ જે ના ડ્રિસ્ટિકટ ગવર્નર માનનીય એમ. જે. એફ લાયન ભરતભાઈ બાવીશી ઈન્સ્ટોલેશન અધિકાર તરીકે ખાસ ઉપસ્થિત રહી લાયન વર્ષ ૨૦૨૪/૨૫ ના હોદેદારો પ્રેસિડેન્ટ લાયન ભાવેશભાઈ પદમાણી, સેક્રેટરી લાયન વિશાલભાઈ ચોટાઈ, ટ્રેઝરર લાયન રાજેશભાઈ પંડ્યા તેમજ ટીમ ને હોદાના શપથ ગ્રહણ કરાવેલ. કાર્યક્રમ અંતર્ગત ગત વર્ષના શ્રેષ્ઠતમ સેવાકાર્યો બદલ કલબ દ્વારા ગત વર્ષ ના પ્રેસિડેન્ટ લાયન રમણીકભાઈ ગોહેલ તેમજ સેક્રેટરી લાયન ભાવેશભાઈ પદમાણી ને લાયન્સ કલબ વિસાવદર દ્વારા ભાસ્કરભાઈ જોશી તેમજ સિરાજભાઈ માડકીયા ના વરદ હસ્તે મોમેન્ટો અર્પણ કરી તેમના સેવા કાર્યો ને બિરદાવેલ. સમારોહ દરમિયાન મુખ્ય અતિથિ તરીકે સુડાવડ ખોડીયાર માતાજી મંદિર ના ગાદીપતિ પરમ પૂજ્ય જીગ્નેશ ભગત, લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ જે ના ડિસ્ટ્રિક્ટ સેક્રેટરી (એડમીન) લાયન નિરવભાઈ વડોદરિયા તેમજ રાજકીય સામાજિક ,.પત્રકારોમા કૌશિકપુરી ગૌસ્વામી, વરિષ્ઠ પત્રકાર સી. વી. જોશી, આશિફ કાદરી તેમજ શ્યામ ચાવડા સહિતના મહાનુભાવો, સ્નેહીજનો, માતા બહેનો, વી. ડી. પટેલ શૈક્ષણિક સંકુલ ના પ્રિન્સીપાલ પ્રફુલ્લભાઈ વાડદોરિયા તેમનો સ્ટાફ તેમજ છાત્રો સહિત બહોળી સંખ્યા ઉપસ્થિત રહેલ. સમારોહ દરમિયાન મહાનુભાવો ના વરદ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવેલ બાદમાં સંકુલના છાત્રો દ્વારા ફ્લેગ માર્ચ પાસ્ટ સાથે મહાનુભાવોને વેલકમ તેમજ કુમકુમ તિલક કરી આવકારવામાં આવેલ તેમજ પ્રાર્થના, સ્વાગત ગીત સાથેના સાસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવેલ.

શ્રી વિહળ ઇન્ટરનેશનલ વિદ્યાપીઠ- બોટાદ સંસ્કૃતિ સંવર્ધનનો અભિનવ પ્રયોગ..

પરમવંદનીય ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી.શ્રી. નિર્મળા બા ની પાવન ઉપસ્થિતિમાં આજ રોજ શાળાના વિદ્યાર્થીઓને રામચરિત માનસ ના પાત્ર ઉપર એક પાત્રિય અભિનય કરાવીને વિદ્યાર્થીઓમાં ભારતની મૂળતઃ ઋષિ પરંપરા ના મૂલ્યોથી તમામ વિદ્યાર્થીઓ ને પરિચિત કરાવ્યાં. ઉપરાંત રામાયણ ના ઉમદા ચારિત્રશિલ પાત્રો ને વિદ્યાર્થીએ ખુદ ભજવ્યાં જેથી આજની ઉગતી પેઢી ને આપણી આધ્યાત્મિક ધરોહરથી પૂર્ણપણે પરિચિત થાય અને વિદ્યાર્થીના જીવનમાં સંસ્કારોનું સિંચન થાય. ઉપરાંત પૂજ્ય બા ની પ્રેરણા થી વિદ્યાર્થીનું શારીરિક ક્ષમતા અને બૌદ્ધિક ક્ષમતાનો પણ વિકાસ થાય. તે હેતુથી પરમ પૂજ્ય બા ના માર્ગદર્શન હેઠલ વિદ્યાર્થીઓ ને અલગ અલગ રમત નું આયોજન કર્યું હતું. મોબાઈલ ગેમના માહોલમાં પરમ પૂજ્ય નિર્મળા બા નો વિદ્યાર્થીઓ માટેનો આ નવો અભિગમ સમાજને નવી દિશા આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિન્સિપાલિ વી. કે. મહેતા તથા ડાયરેક્ટ એસ.પી.સાહેબે કર્યું હતું.

અહેવાલ કનુભાઈ ખાચર

સાબરકાંઠા-અરવલ્લી ભારત-સ્કાઉટ ગાઈડ સંઘની જનરલ સભા જિલ્લા પંચાયતના સભાખંડમાં યોજાઈ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી કેયૂરભાઈ ઉપાધ્યાય ના અધ્યક્ષ સ્થાને તથા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી હિમાંશુભાઈ નિનામા તથા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીના પી એ શ્રી અજયભાઈ સોનીની ઉપસ્થિતિમાં સામાન્ય સભા ની શરૂઆત સ્કાઉટ-ગાઈડ પ્રાર્થનાથી કરવામાં આવી હતી.

બન્ને જિલ્લાના સ્કાઉટ-ગાઈડ હોદ્દેદારો તથા સ્કાઉટર-ગાઈડરની નોંધપાત્ર ઉપસ્થિતિ રહી હતી. સ્કાઉટ કમિશ્નર શ્રી નિતિનભાઈ ગુર્જરે સ્કાઉટ-ગાઈડ એડવેન્ચર પ્રવૃતિ અતર્ગત દર્દીને તાત્કાલિક સારવાર માટેનું ડેમોસ્ટ્રેશન આપ્યું તથા વિવિધ ગેઝેટના નમુના બનાવડાવી માહિતી પુરી પાડી હતી.

સભાના અધ્યક્ષશ્રી પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી કેયુરભાઈ ઉપાધ્યાય સાહેબે આ પ્રવૃતિને વેગવંતી બનાવવા માટે પ્રોત્સાહન પૂરું પડવાનું વચન આપ્યું હતું. તથા જિલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન હિમાંશુ નીનામાએ સારા નાગરિક બનાવતી શ્રેષ્ઠ પ્રવૃતિ ગણાવી હતી.

સાબરકાંઠા જિલ્લા ચીફ કમિશ્નર શ્રી અતુલભાઈ દીક્ષિતે સ્કાઉટ-ગાઈડની તમામ પ્રવૃતીઓ , સિદ્ધીઓ તથા ચાલુ વર્ષે થનાર પ્રવૃતિઓ વિશે ચર્ચા વિચારણા કરી હતી. તથા આગામી કાર્યક્રમ વૃક્ષારોપણ , તિરંગા યાત્રા તથા શિક્ષકોના ઓરીએન્ટેશન કોર્ષ માટેની માહિતી પુરી પાડી હતી.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તુરખા હેઠળ આવતા ૧૦ ગામોમાં ચાંદીપુરા વાયરસ અંગે સર્વેની કામગીરી હાથ ધરાઈ

ન્યૂઝ ઓફ ગાંધીનગર : ભાવેશ પરમાર (બોટાદ)★

હાલ થોડા સમયથી સમગ્ર રાજયમાં ચાંદીપુરા નામનો વાયરસ ફેલાયો છે ત્યારે તેને અટકાવવા અને તેને લગતી સમજ આપવા માટે વિવિધ જાગૃતિલક્ષી કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત બોટાદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તુરખા હેઠળ આવતા તમામ ૧૦ ગામોમાં ચાંદીપુરા વાયરસ અંગે સર્વેની કામગીરી કરવામાં આવી હતી. સાથે સાથે સેન્ડફ્લાય અટકાયતી પગલાના ભાગરૂપે મેલેથ્યોન પાવડરનો છંટકાવ પણ કરાવવામાં આવ્યો હતો. તેમજ ડૉ.આશિષ વેદાણી અને ડૉ.રાધેશનાં માર્ગદર્શનમાં હેઠળ આરબીએસકે ડૉ.હિતેશ માતરિયા, એમપીએચએસ જયેશ ચૌહાણ દ્વારા પ્રાથમિક શાળા, માધ્યમિક શાળામાં, છાત્રાલયમાં ચાંદીપુરા રોગ અને અટકાયતી પગલાઓ, ડેન્ગ્યુ વિરોધી માસ, તેમજ હિપેટાઈટિસ દિવસ અંગેની માહિતી આપવામાં આવી હતી.

સર્વ વિદ્યાલય, કડી કેમ્પસ ખાતે ૫૮૬ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં સર્વ નેતૃત્વ ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલયના વિવિધ કોર્સ જેમાં બીકોમ., બી.બી.એ., બી.સી.એ., એમ.બી.એ., બી.એડ. અને એન્જિનિયર કોલેજના ૫૮૬ વિદ્યાર્થીઓ માટે ઈન્ડોર સ્ટેડિયમ, સર્વ વિદ્યાલય કડી કેમ્પસ ખાતે સર્વ નેતૃત્વ સેલનો ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો જેમાં સર્વ નેતૃત્વના સેલના મુખ્ય કો-ઓર્ડીનેટર ડૉ.ધર્મેન્દ્ર પટેલ દ્વારા સર્વ નેતૃત્વ તાલીમ શિબિરના વિઝન, મિશન, ઉદ્દેશ્યો, વિવિધ પ્રવૃતિઓ, સામાજિક પ્રોજેક્ટ્સ, તજજ્ઞો વિશે ઉપસ્થિત યુવાનોને માહિતગાર કરી, કાર્યક્રમમાં જોડાવા માટે પ્રેરણા પૂરી પાડી હતી.

આ કાર્યક્રમના આયોજન અને વ્યવસ્થા માટે ડૉ .મિહિર પાઠક, પ્રા. સૂરજ મુંઝાણી, પ્રા. અક્ષય પ્રજાપતિ, પ્રા. પૂજા રાવલ, રાજેન્દ્ર માંડલા, દિવ્યા સધાની, ડૉ. હાર્દિક પુરોહિત અન્ય સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ડાંગ સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા-સાકર પાતળ ખાતે જયા પાર્વતી વ્રત નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

આહવાઃડાંગ

ડાંગ જિલ્લાના વઘઇ તાલુકામાં સમાવિષ્ટ સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા-સાકરપાતળ ખાતે, ગત તારીખ ૨૩ જુલાઇના રોજ જયા પાર્વતી વ્રત નિમિત્તે કેશ ગુંફન અને મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાઆચાર્ય શ્રીમતી ફાલ્ગુની પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં, ધોરણ ૯ થી ધોરણ ૧૨ ની વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ પોતાની કલાનું પ્રદર્શન કર્યું હતું. શાળાની વિદ્યાર્થીનીઓએ સ્પર્ધામાં ભાગ લઈ પોતાનામાં રહેલી ઉત્કૃષ્ટ કલા પ્રદર્શિત કરી કાર્યક્રમને અલંકૃત કર્યો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીનીઓ પૈકી પ્રથમ ત્રણ વિજેતાઓને પ્રોત્સાહિત ઈનામો આપી તેમની કલાને બિરદાવવામાં આવી હતી.

યંગ જાયન્ટ્સ બોટાદ દ્વારા દાતાશ્રીના સહયોગથી ગાયોને લીલી જુવારનો ચારો તથા દેશી ગોળનુ ભોજન આપવામા આવ્યુ

"જાયન્ટ્સ એટલે જનસેવા"
GIANTS
જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન
યુનીટ-૩ - ફેડરેશન ૩-બી
યંગ જાયન્ટ્સ
બોટાદ
ESTD. : 1998
Wel Come

ન્યૂઝ ઓફ ગાંધીનગર : ભાવેશ પરમાર (બોટાદ)

જન સેવા અને સંસ્કાર નું સિંચન કરતી અને અનેક વિધ માનવસેવાકીય પ્રવૃત્તિ કરતી આંતર રાષ્ટ્રીય સેવા સંસ્થા જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન સંલગ્ન યંગ જાયન્ટ્સ બોટાદ દ્વારા બોટાદ મહાજન પાંજરાપોળ સંચલિત દામુભાઈ ની વાડી તુરખા રોડ બોટાદ ખાતે આજે તા.૨૮.૭.૨૪ રવિવારે સાંજે ૫ કલાકે દાતાશ્રી સ્થાનકવાસી જૈન સમાજ બોટાદ ના સહ્યોગ થી એક ટ્રેકટર (૫૦૦ કિલો) લીલી જુવાર નો ચારો ત્યાં રખાતી ગાયોને આપવામા આવ્યો તથા માંદી અને બિમાર ૪૦ જેટલી ગાયો ને દેશી ગોળ ભોજન આપવામા આવ્યુ.. તથા ત્યાં રહેતા શ્રમિકોના ૪૫ જેટલા બાળકોને કેળા,બિસ્કિટ, વેફર્સ, નો નાસ્તો આપવામા આવ્યો હતો...

આ પ્રસંગે યંગ જાયન્ટ્સ બોટાદ ના પ્રમુખ કુલદીપ વસાણી મેમ્બર્સ સંકેત દેસાઈ તથા જૈન સમાજન અગ્રણી નરેન્દ્ર દેસાઈ સહિત ભાઈઓ તથા બહેનો એ બહોળી સંખ્યા ના હાજરી આપેલ હતી...

આજે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી વિનોદ તાવડેજીએ વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ગઇકાલે સંસદમા જે ભાષણ કર્યુ

BHARTIYA JANATA PARTY - GUJARAT

સંસદમા ગઇકાલે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ નિયમોના પાલન કર્યા વગર એક નાટકીય ભાષણ કર્યુ હતું તે ખૂબ દુરભાગ્ય પુર્ણ છે. – શ્રી વિનોદ તાવડે

દેશના સુરક્ષા સલાહકાર શ્રી અજીત ડોભાલજીને લઇ રાજકીય નિવેદન કરવુ તે ખૂબ જ દુરભાગ્ય પુર્ણ છે. દેશના સુરક્ષા જવાનો અને સેના માટે ક્યારેય આદરભાવ અને સન્માનભાવ દ્રષ્ટી રહી નથી. – શ્રી વિનોદ તાવડે

. મહિલાઓમા સર્વાઇકલ કેન્સરની રસીની યોજના પહેલી વખત લોન્ચ થઇ છે જે સરકાર દ્વારા ૯ થી ૧૪ ઉમંરની દિકરીઓને ફ્રીમા રસી આપવામા આવનાર છે. – શ્રી વિનોદ તાવડે

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સતત ત્રીજી વખત વડાપ્રધાન બન્યા પછી કેન્દ્રીય નાણામંત્રીશ્રી નિર્મલા સિતારામનજીએ સતત સાતમી વખત દેશનુ બજેટ રજૂ કર્યુ હતું. બજેટ જાહેર થયા પછી આજે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી વિનોદ તાવડેજીએ કેન્દ્રીય બજેટ અંગે સુરત ખાતે પ્રેસ કોન્ફરન્સને સંબોધી હતી. પ્રેસ કોન્ફરન્સમા રાહુલ ગાંધીના ભાષણ અને કોંગ્રેસ સમયના બજેટ અને મોદી સરકારના બજેટમા કેટલો તફાવત છે તેની વિસ્તૃત માહીતી આપી હતી.

પ્રેસ કોન્ફરન્સને સંબોધતા શ્રી વિનોદ તાવડેજીએ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર શાબ્દીક પ્રહાર કરતા જણાવ્યું કે, સંસદમા ગઇકાલે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ નિયમોના પાલન કર્યા વગર એક નાટકીય ભાષણ કર્યુ હતું તે ખૂબ દુરભાગ્ય પુર્ણ છે. સંસદની ગરીમા જળવાય તે રીતે વિષયવાર આંકડાકીય માહિતી રજૂ થવી જોઇતી હતી. દેશના સુરક્ષા સલાહકાર શ્રી અજીત ડોભાલજીને લઇ રાજકીય નિવેદન કરવુ તે ખૂબ જ દુરભાગ્ય પુર્ણ છે. દેશના સુરક્ષા જવાનો અને સેના માટે ક્યારેય આદરભાવ અને સન્માનભાવ દ્રષ્ટી રહી નથી. દેશને મજબૂત વિપક્ષ મળે અને તથ્યના આધારે ભાષણ થવુ જોઇતુ હતુ તે રાહુલ ગાંધીએ કર્યુ નથી. બજેટ અંગે શ્રી વિનોદ તાવડેજીએ જણાવ્યું કે, દેશના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દેશના વિકાસ માટે જે કામ કરી રહ્યા છે તેની માહિતી જનતા સુધી પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. અલગ અલગ વિભાગોમા કોંગ્રેસની સરકારમા અને ભાજપ સરકારમા શુ બદલાવ આવ્યો તે જનતાને ચોક્કસ માહિતી મળવી જોઇએ. સોશિયલ જસ્ટીસ એન્ડ એમપાવરમેન્ટ ૨૦૧૩-૧૪મા કોંગ્રેસના સમયમા ૬૭૨૫ કરોડ રૂપિયાની ફાળવણી કરવામા આવી હતી જે આજે મોદી સરકારમા ૧૪૨૨૫ કરોડનો વધારો થયો છે. ગ્રામ વિકાસમા ૭૪ હજાર ૫૦૦ તો આજે ૧ લાખ ૮૦૨૩૩ સુધી વધારો થયો છે. ફુડએન્ડ પબ્લીક ડીસ્ટ્રબ્યુશનમા ૫૧ હજાર કરોડ હતો જે આજે ૨ લાખ ૨૩ હજાર ૩૨૩ કરોડ સુધી વધારો થયો છે. આજે ઘર ઘર નળથી જળ પાણી પહોંચાડવાનો સફળ પ્રયાસ થયો છે. આ આંકડાથી સ્પષ્ટ છે કે કોંગ્રેસ સમય કરતા એનડીએમા કેટલા વિકાસના કાર્યો વધ્યા છે. કોંગ્રેસ ભાજપ સરકાર મુદ્દે જે વિરોધી નિવેદન કરે છે તો કોંગ્રેસે તેના સમયમા કયા પ્રકારનુ કામ કર્યુ હશે તે પણ જાણવુ જરૂરી છે. પીએમ આવાસ યોજના-૨ અંતર્ગત ૩ કરોડ પાકા ઘરોનુ નિર્માણ કરવામા આવશે. ૬૩ હજાર આદિવાસી ગામડા માટે જનજાતિય ઉન્નત ગ્રામ અભિયાનની શરૂઆત કરવામા આવી છે જેમા ૫ કરોડ આદિવાસીઓ સુધી અલગ અલગ યોજનાઓ દ્વારા લાભ પહોંચાડવામા આવશે. પીએમ સ્વનિધી યોજના હેઠળ નાના વેપારીઓને લોન મળે તેમાટે જાહેરાત કરી છે.

શ્રી વિનોદ તાવડજીએ વધુમા જણાવ્યું કે, બજેટમા એજ્યુકેશન વિભાગ માટે પણ મોટી રકમની ફાળવણી કરી છે. ૨૦૧૪મા કોંગ્રેસની સરકારમા ૩૫૦ સ્ટાર્ટઅપ હતા આજે તે વધી ૧ લાખ ૧૭ હજાર ૨૫૭ સુધી પહોંચ્યા છીએ. યુવાનો જોબ સીકર નહી જોબ ગીવર બને તે દિશામા પ્રયાસ કરવામા આવ્યો છે. વિપક્ષે બજેટ અંગે જે પણ નિવેદન કરી નિંદા કરે તે આંકડા સાથે કરવુ જોઇએ. એગ્રીકલ્ચર એન્ડ ફાર્મર વેલ્ફરે મા ૨૦૧૩-૧૪મા ૭૦ હજાર ૭૦૮ કરોડ ખર્ચ થયા હતા આ બજેટમા ૧ લાખ ૩૨ હજાર ૪૬૯ કરોડ ખર્ચ થશે. કેમિકલ ફર્ટીલાઇઝરમા ૬૭ હજાર કરોડ હતા જે આજે એક લાખ ૬૮ હજાર કરોડ ખર્ચ થશે. યુપીએના કાર્યકાળમા દિવસમા ૧૨ કલાક વિજળી મળતી હતી અને આજે મોદી સરકારમા ૨૧ કલાક વિજળી મળી રહી છે. મહિલા સશક્તિકરણ માટે પણ ભાર મુકવામા આવ્યો છે. સેલ્ફ હેલ્પ ગ્રુપને ઓછા વ્યાજે લોન આપી તેમના દ્વારા રોજગારી વધારવાનો પ્રયાસ કર્યો છે. આયુષ્યમાન યોજના હેઠળ આશા વર્કર અને આંગણવાળી મહિલાઓને પણ લાભ મળશે. મહિલાઓમા સર્વાઈકલ કેન્સરની રસીની યોજના પહેલી વખત લોન્ચ થઈ છે જે સરકાર દ્વારા ૯ થી ૧૪ ઉમંરની દિકરીઓને ફ્રીમા રસી આપવામા આવનાર છે. મધ્યમવર્ગ માટે કોંગ્રેસના સમયમા કેવા પ્રયાસ થયા હતા અને મોદી સરકારમા કેવા પ્રયાસ થઈ રહ્યા છે તેની વિસ્તૃત માહીતી રજૂ કરી હતી. આ બજેટ વિકસીત ભારતની કલ્પના જે મોદી સાહેબના નેતૃત્વમા એનડીએ સરકાર કરી રહી છે તેને સાકાર કરનારુ છે. અમારી અપેક્ષા છે કે બજેટ રજૂ થયા પછી સંસદમા જે ચર્ચા થશે તેમા સારા સુચનોને સ્વીકાર કરવામા આવશે. દેશના વિકાસ માટે અને દેશની જનતાના હિત માટે વિપક્ષ વિચારો રજૂ કરે તેવી આશા છે. આજની પ્રેસ વાર્તામાં સુરત મહાનગર પ્રભારી તથા પ્રદેશ મંત્રી શ્રીમતી શીતલબેન સોની, પ્રદેશ સહપ્રવક્તા શ્રી પ્રેરકભાઈ શાહ, સુરત મહાનગર અધ્યક્ષ શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, મહામંત્રીશ્રીઓ શ્રી કિશોરભાઈ બિંદલ, શ્રી કાળુભાઈ ભીમનાથ, ધારાસભ્યશ્રીઓ શ્રી પુર્ણેશભાઈ મોદી, શ્રીમતી સંગીતાબેન પાટીલ, શ્રી પ્રવીણભાઈ ઘોઘારી, શ્રી મનુભાઈ પટેલ, મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી, સ્થાઈ સમિતિ અધ્યક્ષ શ્રી રાજનભાઈ પટેલ સહિત મહાનગરના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આને આધુનિક તબીબી સેવાઓ કહેવાય?

કાળું નાણું બનાવવાની રીતો ખતમ થવી જોઈએ.

અહીં મારા એક સિનિયર મિત્ર છે તેમના અનુભવો રજુ કરેલ છે તેથી તેઓ બધા પ્રામાણિક ડોકટરોની માફી માંગતાં જણાવે છે કે :

દર્દીને હાર્ટ એટેક આવ્યો હતો ત્યારે

ડૉક્ટર કહે - સ્ટ્રેપ્ટોકીનેઝ ઈન્જેક્શન આપો... ૯,૦૦૦/= રૂ. ઈન્જેક્શનની વાસ્તવિક કિંમત રૂ. ૭૦૦ / થી ૯૦૦ / = રૂ., જ્યારે એમઆરપી રૂ. ૯,૦૦૦/=! તમે શું કરશો

કોઈને ટાઈફોઈડ થયો

ડૉક્ટરે લખ્યું. કુલ ૧૪ મોનોસેફ લો! હોલસેલ કિંમત રૂ.૨૫/= હોસ્પિટલના કેમિસ્ટ રૂ.૫૩/= આપે છે. તમે શું કરો છો??

કિડની ફેલ્યર .ત્રણ દિવસમાં એકવાર ડાયાલિસિસ કરવામાં આવે છે.., ડાયાલિસિસ કરવામાં આવે છે અને ઈન્જેક્શન આપવામાં આવે છે. સ્ઈ ૧૮૦૦ રૂ.

કંપની માત્ર ડોકટરોને જ સપ્લાય કરે છે!!

ઈન્જેક્શનની મૂળ કિંમત ૫૦૦/= છે, પરંતુ તેમની હોસ્પિટલમાં ડૉક્ટરની સ્ઈ ૧,૮૦૦/= છે.

તમે શું કરો છો??

ઈન્ફેક્શન થયું છે. ડૉક્ટર દ્વારા સૂચવવામાં આવેલ એન્ટિબાયોટિક રૂ.૫૪૦/=

૧૫૦/= સમાન અન્ય કંપની તરફથી અને સામાન્ય રૂ. ૪૫/=

પરંતુ કેમિસ્ટ ઈનકાર કરે છે. અમે કોઈ સામાન્ય દવા આપતા નથી.., માત્ર ડૉક્ટરનું પ્રિસ્ક્રિપ્શન... એટલે કે ૫૪૦ / = તમે શું કરશો...??

બજારમાં અલ્ટ્રાસાઉન્ડ ટેસ્ટની કિંમત રૂ. ૭૫૦/=, ટ્રસ્ટ ફાર્મસી રૂ. ૨૪૦/= રૂ.૭૫૦ ડોક્ટરના કમિશનમાંથી ૩૦૦/= રૂ.....!

એમઆરઆઈ પર ડૉક્ટરનું કમિશન રૂ. ૨,૦૦૦/= થી ૩,૦૦૦/ ડોક્ટરો અને હોસ્પિટલોની આ લૂંટ, બેફામ, નિર્ભય, નિર્ભય ભારત દેશમાં ચાલે છે...!

દવા કંપનીઓની લોબી એટલી મજબૂત છે કે તેઓ સીધા જ દેશને બંધક બનાવી રહ્યા છે....!

ડોક્ટરો/ફાર્માસ્યુટિકલ કંપનીઓ સામેલ છે!

મીડિયા દિવસ-રાત બિન જરુરી બતાવે

પરંતુ ડોક્ટર કંપનીઓ, હોસ્પિટલ અને દવા બનાવતી કંપનીઓ તેની સ્પષ્ટ લૂંટ કેમ બતાવતી નથી?

મેડિકલ લોબીની ક્રૂરતા કેવી રીતે રોકવી?

જો તમને લાગે કે આ સાચું છે, તો દરેકને મોકલો! જાગૃતિ લાવો અને જાગૃતિ લાવવા માટે તમારો સાથ આપો.

જો દરેક આ રીતે મોકલશે, તો દેશ તેને જોશે અને કંઈક સુધારો થશે.

સંપાદન કર્યું

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.